## જન્મદિને વધામણી



**સુરેન્દ્રસિંહ કે વાઘેલા**
મો : ૯૮૯૮૭ ૮૭૪૪૫



**અનિરૂધ્ધ ગણપતભાઈ બ્રહ્મભટ્ટ**
મો : ૯૯૨૪૬૬૫૨૯૦



**નટુભાઈ ગજ્જર**
પ્રમુખ, એએસઈએ
શ્રી વિશ્વકર્મા સેવા સમાજ
મો : ૯૮૨૫૪૪૪૯૭૮



ગાંધીનગર તાલુકાના લવારપુર ગામમાં સ્થિત શ્રી સ્વામીનારાયણ દ્વિશતાબ્દિ સ્મારક હાઈસ્કૂલના પટાંગણમાં ઉદ્યોગપતિ જે સી પટેલ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને મનની વિવિધ શક્તિઓ વિકસાવવા તથા યાદશક્તિ વધારવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત પોસ્ટ માસ્ટર જી એન બારોટ, નિવૃત્ત એડીઆઈ સી એસ પટેલ, શ્રી પ્રકાશ કેળવણી મંડળના પ્રમુખ આર એસ પટેલ, મંત્રી ગુણવંતભાઈ, શાળાના આચાર્ય એસ ડી ચૌધરી, ગામના અગ્રણી, શાળાના સારસ્વત ભાઈબહેનો અને વિદ્યાર્થીઆ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### ઈટાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા

# વિદ્યાર્થિનીઓ માટે તારૂણ્ય માર્ગદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઈટાદરા દ્વારા એમ એમ પટેલ માધ્યમિક શાળા, પારસા ખાતે ધોરણ-૮થી ૧૨માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓ માટે તારૂણ્ય સ્વાસ્થ્ય અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં તારૂણ્ય અવસ્થામાં ઉદ્ભવતી આરોગ્ય સમસ્યા, તેનો ઉપચાર, શારીરિક-માનસિક ફેરફાર વિષયે શાળાની તમામ વિદ્યાર્થીનીઓને તાલુકા આરોગ્ય અધિકારી, તાલુકા આઈઈસી અધિકારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઈટાદરાના મેડિકલ ઓફિસર તથા અન્ય આરોગ્ય સ્ટાફ દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે કુલ ૧૧૬ વિદ્યાર્થીઓના હિમોગ્લોબિન અને બ્લડની તપાસ કરવામાં આવી હતી.

### માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ ખાતે

# સંસ્થાનાં પૂર્વ આચાર્યનો શ્રધ્ધાંજલિ અને ગુણાનુવાદ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૮

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ ખાતે સંસ્થાના પૂર્વ આચાર્ય સ્વ. નર્મદાબેન નરભેરામ ઠક્કરનો શ્રધ્ધાંજલિ અને ગુણાનુવાદ કાર્યક્રમ યોજાયો હતો.

૨૦ એપ્રિલ, ૧૯૨૬ના રોજ જન્મેલાં અને ૮ નવેમ્બર, ૨૦૧૫ની જૈફ વયે સ્વધામ પામેલાં નર્મદાબેન આ સંસ્થામાં સને ૧૯૬૧થી ૧૯૮૪ સુધી સેવા બજાવી સેવાયજ્ઞ અડાલજની ભૂમિ પર સ્થાપિત કરી ચૂક્યાં હતાં, જેની સુવાસ કેળવાયેલી તાલીમાર્થી બહેનો આજે ગુજરાતના ખૂણે-ખૂણે ફેલાવી રહી છે.

વર્ધા અને વિદ્યાપીઠમાં શિક્ષણ દરમ્યાન ગાંધીજીના રંગે રંગાયેલા તેમજ વિનોબા ભાવે, કાકાસાહેબ કાલેલકર, સરદાર વલ્લભભાઈ પટેલ, દાદા ધર્માધિકારી, સુખદેવભાઈ પંડિત જેવા ક્રાંતિકારીઓના સતત સંપર્કમાં રહી નીડર, મુત્સદી, સાદાઈ ધરાવનાર ખાદીધારી તેમજ ક્રાંતિકારી વિચાર ધરાવનારાં બહેને સ્ત્રી ઉધ્ધારના કાર્યક્રમો દ્વારા જીવનને સફળ બનાવ્યું હતું.

એમના ગુણાનુવાદ કાર્યક્રમ નિમિત્તે લલિતાબેન પટેલ તેમજ પૂર્વ વિદ્યાર્થીઓએ શ્રધ્ધાંજલિ ફાળા રૂપે રૂા. ૮૦૦૧ સંસ્થાના મંગળનિધિ ટ્રસ્ટમાં અર્પણ કર્યા હતા, જેમાંથી પીટીસીમાં દર વર્ષે પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા તાલીમાર્થીઓને ઈનામ રૂપે રકમ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં પૂર્વ શિક્ષકો ગીરાબેન વોરા, જયંતિભાઈ દવે, બિપિનભાઈ રાવળ, મોતીભાઈ શાહ, પોપટભાઈ પટેલ, સૂર્યકાંતભાઈ દવે, જશુભાઈ પટેલ, તારાબેન ઠક્કર, શિલાબેન, નીલાબેન તેમજ લલિતાબેને નર્મદાબેન સાથેનાં સંસ્મરણોને વાગોળ્યાં હતાં. પૂર્વ સંગીત શિક્ષક નટુભાઈ સરવૈયાએ નર્મદાબેનને ભજનો દ્વારા ભાવાંજલિ અર્પણ કરી હતી. સંસ્થાના નિયામક ફુલજીભાઈ પટેલે પણ નર્મદાબેનને ભાવાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમના અંતે સંસ્થાનાં આચાર્યા સુરેખાબેન ચૌધરીએ ભાવાંજલિ સાથે આભારવિધિ કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫

**સ્ક્રીન-૩**
તમાશા
૩.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦

**સ્ક્રીન-૫**
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦

**સ્ક્રીન-૬**
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

# દેવેન્દ્ર બ્રાઝિલ પેરા ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

## ભાલા ફેંકમાં દેવેન્દ્રએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતમાં અનેક મેડલો મેળવ્યા છે

ગાંધીનગર, તા. ૮

આપણા ગુજરાતીઓમાં એક કહેવત છેકે ''મન હોય તો માળવે જવાય'' મનમાં જો કોઈ સિધ્ધી હાંસલ કરવાની ખેવના હોય અને તેને માટે તનતોડ મહેનત કરો તો ચોકક્સ તે લક્ષ્ય હાંસલ થાય છે. ગાંધીનગર શહેરના સાંઈ સંકુલ ખાતે ભાલાફેંકના કોચ તરીકે કાર્યરત છે. યુવાન રમતવીર દેવેન્દ્ર જાજરીયા ભાલાફેંકની રમતમાં અનેક રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ગોલ્ડમેડલ મેળવ્યા છે. આ ઉપરાંત યુવાને રમત-ગમત ક્ષેત્રના રાષ્ટ્રીય કક્ષાના અર્જુન અને પદ્રમશ્રી જેવા સર્વોચ્ચ પુરસ્કાર પણ હાંસલ કર્યા છે. રમતવીર આગામી સમયમાં બ્રાઝીલ ખાતે યોજાનાર રીયો પેરા ઓલમ્પિક રમતોત્સવમાં ભાલાફેંક સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જે સમ્રગ ભારત માટે ગૌરવની વાત છે.

ભાલાફેંકની રમતમાં વિશ્વકક્ષાએ ભારતભરનું નામ રોશન કરનાર ખેલાડી દેવેન્દ્ર જાજરીયા રાજસ્થાનના ચીરુ જીલ્લાના જયપુરીયાખાલસા જેવા નાનકડા ગામમાં ખેતીકામ કરીને જીવન નિર્વાહ કરતા રામસીંગને ત્યાં ૧૦ જુન ૧૯૮૧ના રોજ પુત્ર દેવેન્દ્રનો જન્મ થયો હતો. રામસીંગભાઈના સાત સંતાનોમાં સૌથી નાનો દેવેન્દ્ર છે. નાનપણમાં માત્ર ૯ વર્ષની વયે વિજળીના જોરદાર કરંટને લીધે ઘટેલી ઘટનામાં પોતાનો હાથ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ સમયે નિરાશા પામેલા અને હતાશ થઈ ગયેલા દેવેન્દ્રને માતાની પ્રેરણા અને પ્રયત્નોથી આ રમતવીરને જીવન જીવવાનું બળ મળ્યું. આ રમતવીરને નાનપણથી જ અભ્યાસની સાથે સાથે રમત-ગમતમાં નામના મેળવી હતી. પોતાના પરિવાર મિત્ર વર્તુળની પ્રેરણા અને પ્રોત્સાહનથી વર્ષ ૧૯૯૫ થી માત્ર ૧૪ વર્ષની ઉંમરથી ભાલાફેંક રમતમાં જોડાયા હતા. જયારે ૨૦૦૨ માં ભાલાફેંકની રમતમાં પેરા ગેમ્સ નેશનલ ચેમ્પીયન બની ભારતનું નામ રોશન કર્યું હતું. ત્યારબાદ સતત જીતનો સીલસીલો આ રમતવીરે યથાવત રાખ્યો છે. વર્ષ ૨૦૦૪માં એથેન્સ ખાતે આયોજીત રિયો ઓલિમ્પિકમાં ભાલાફેંકની રમતમાં આંતર રાષ્ટ્રીયકક્ષાનો ૬૨.૧૫ મીટરનો ભાલાફેંકનો રેકોર્ડ યુવાનના નામે નોંધાયેલો છે આ રેકોર્ડ હજુ સુધી કોઈ ભાલાફેંકની રમત સાથે સંકળાયેલા રમતવીર તોડી શક્યો નથી. પરંતુ દેવેન્દ્રએ પોતાનો રેકોર્ડ પોતે જ તોડ્યો છે. ત્યારબાદ અનેક રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મેળવી ભારતનું નામ વિશ્વકક્ષાએ રોશન કર્યું છે. દેવેન્દ્રએ ૨૦૦૭ પ્રભુતામાં પગલા પાડયા હતા. તેઓના પત્ની પણ કબડ્ડીના નેશનલ કક્ષાના ખેલાડી છે. દેવેન્દ્રને દામ્પત્ય જીવનમાં બે બાળકો છે. શહેરના સેકટર-૧૫ સ્થિત સાંઈ ખાતે રહે છે. સાંઈમાં ભાલાફેંકની રમતમાં કોચ તરીકે સેવા આપે છે. નેશનલ ચેમ્પીયન દેવેન્દ્ર આગામી વર્ષ-૨૦૧૬માં બ્રાઝીલના રીયોડીજાનેરો ખાતે યોજાનાર રીયોપેરા ઓલિમ્પિક રમત ઉત્સવમાં ભારતનો ડંકો વગાડવા ભારતના ભાલાફેંકના નિષ્ણાંત કોચ સુનિલ તંવરના માર્ગદર્શન હેઠલ ગાંધીનગરમાં તાલીમ મેળવી રહ્યા છે. રમતવીર દેવેન્દ્રએ ભુતકાળમાં અનેક આંતર રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ એક હાથ ના હોવા છતાં ભાલાફેંકમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરી દુનિયાના રમત ગમત ક્ષેત્રના ખેલમહાકુંભ ગણાતા ઓલિમ્પીક સહિત અનેક રમતોઉત્સવમાં ભારતને અનેક મેડલ અપાવી દુનિયાભરમાં ભારતનું શિશ ગર્વથી ઉચું કર્યુ છે. યુવાન દેવેન્દ્રની પ્રતિભા અને ખેલ પ્રત્યેના યોગદાન બદલ ભારત સરકાર દ્વારા પદ્મશ્રી અને અર્જુન પુરસ્કાર જેવા સર્વોચ્ચ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા છે. રમતવીર દેવેન્દ્ર સાથેની વાતચીતમાં તેણે જણાવ્યું હતું કે ગામડાઓમાં હજુ પણ રમત-ગમત ક્ષેત્રે સુવિધા જોઈએ તેવી હોતી નથી રાજય સરકારે રમત-ગમતને પ્રોત્સાહન આપી માળખાકીય સુવિધાઓ ખેલાડીઓને પુરી પાડવી જોઈએ. તેમજ દરેક વ્યકિતમાં પ્રતિભા છુપાયેલી હોય છે. તે વ્યકિતએ જાતે મહેનત કરીને તે પ્રતિભા બહાર લાવવી જોઈએ તેમ જણાવ્યું હતું. ભાલાફેંકની રમતમાં વિશ્વકક્ષાએ ભારતનું નામ રોશન કરનાર દેવેન્દ્રને સો સો સલામ.



### દેવેન્દ્રએ પ્રાપ્ત કરેલી સિધ્ધીઓ

- વર્ષ ૨૦૦૨ ૮મી ફેસ્પીક ગેમ્સ બુશન (પેરા એશીયન)માં ગોલ્ડ મેડલ
- બ્રિટીશ ઓપન એથ્લેટીકસ ચેમ્પીયનશીપ ૨૦૦૩ માં ૩ ગોલ્ડ મેડલ
- એથેન્સ પેરા ઓલિમ્પિક ગેમ્સ ૨૦૦૪ માં ૨ ગોલ્ડ મેડલ
- ૨૦૦૬ ફેસ્પીક ગેમ્સ કુલાલામ્પુર પેરા એશીયનમાં ગોલ્ડ મેડલ
- આઈ.ડબલ્યું. એ.એસ વિશ્વ ગેમ તાઈવાન ૨૦૦૭માં સિલ્વર મેડલ
- આઈ.ડબલ્યું.એ.એસ.વિશ્વ ગેમ બેંગ્લોર ૨૦૦૯ માં ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ
- વિશ્વ ચેમ્પીયનશીપ ફ્રાંસ ૨૦૧૩ બે ગોલ્ડ
- પેરાએશીયન ગેમ ઈચીયોન ૨૦૧૪માં સિલ્વર મેડલ
- આઈપીસી વિશ્વ ચેમ્પીયનશીપ દોહા ૨૦૧૫માં સિલ્વર મેડલ
- ૨૦૦૫માં અર્જુન એવોર્ડ
- ૨૦૦૫માં શ્રેષ્ઠ રમતવીરનો એવોર્ડ
- પદ્મશ્રી એવોર્ડ
- મહારાણા પ્રતાપ સ્ટેટ સ્પોર્ટ એવોર્ડ ૨૦૦૫
- ૨૦૧૪માં ફીકી દ્વારા પેરા સ્પોર્ટ પર્શન એવોર્ડ

# ખોળિયામાં જીવ છે ત્યાં સુધી હું આ સંબંધ કાયમ રાખીશ

'લોકો ભલે વાંદરાથી ડરતા હોય, પણ મને ક્યારેય એવો અનુભવ નથી થયો કે નથી ક્યારેય મને કોઈ વાંદરાએ હાનિ પહોંચાડી. મારા માટે તો એ નાનકડાં બાળ જેવાં નિર્દોષ મસ્તીખોર છે.'

આ શબ્દો છે સૅક્ટર-૩૦ના રહેવાસી કૃષ્ણકુમાર રાણાના. તેઓ ઍસબીઆઈના નિવૃત્ત કર્મચારી છે અને હાલ વાનરોના વ્હાલા અન્નદાતા. અન્નદાતા એ અર્થમાં કે દર શનિવારે તેઓ વાનરોને ભરપેટ બિસ્કીટ ખવડાવે છે. વાનરો પણ તેમને હાથમાંથી બિસ્કીટ લઈને મોજથી આરોગે છે.

આ શિરસ્તો વર્ષો જૂનો થઈ ગયો છે. શનિવારની સવાર પડે કે રાણાજી બિસ્કીટનાં દસ પૅકેટ એક કૅરીબૅગમાં લઈને નીકળી પડે વાનરોની શોધમાં. જોકે, અનુભવે તેમને એ વાત સમજાઈ ગઈ છે કે વાનરો તેમને ક્યાં મળશે. એટલે થોડી જ વારમાં તેઓ વાનરોને શોધી લે છે. એમના જણાવ્યા મુજબ જૂના સચિવાલય પરિસરની આસપાસ વાનરો એમને મોટાભાગે મળી જાય છે અથવા ક્યારેક પાંચ નંબરના રોડ ઉપર ઘ પાંચ તરફ એમને આગળ વધવું પડે છે ને થોડા અંતરે જ એમને વાનરો મળી જાય છે.

વાનરો આસપાસમાં હોય કે ઝાડ ઉપર તોફાન મચાવતા હોય, રાણાજી જેવું બુચકારવાનું શરૂ કરે કે ચાલીસેક વાનરો નાનાં બાળકોની જેમ એમની





આસપાસ જમાવડો લગાવી દે. પછી તેઓ પોતાના હાથે એક-એક વાનરના હાથમાં બિસ્કીટ આપે, જેને બિસ્કીટ આપે એ ટોળાથી થોડે દૂર જાય ને તરત ખાવાનું પણ શરૂ કરી દે.

અલબત્ત, બાળકોની જેમ અનેક વાનરોની વધારે ખાઈ લેવાની જિદ ખરી એટલે અદલ ચબરાક બાળકની જેમ પોતાનું બિસ્કીટ ઝટપટ ખાઈને પાછા ટોળામાં ગોઠવાઈ જાય અને પોતાને બિસ્કીટ લેવાનું બાકી હોય એમ નિર્દોષતાથી હાથ પણ લંબાવી દે. જોકે, બધા જ વાનરોને રાણાજી ઓળખી ગયા છે અને કોણ બિસ્કીટ એમના હાથમાંથી લઈ ગયું ને હજુ કોણ લેવામાં બાકી છે એ



એમને યાદ જ હોય, એટલે આવા તોફાની વાનરને તરત જ એક ડારો આપે ને વાનર વિરોધ કર્યા વિના ટોળાથી દૂર પણ ચાલ્યા જાય. જોકે, પુનઃ ટોળામાં ઘૂસવાનો પ્રયાસ કરે ને પુનઃ રાણાજી એને ભગાડે. જોકે, એ વાનરનો ફરી વારો આવે ત્યારે એને બિસ્કીટ મળે ખરું, પણ એના ભાગનું જ, વધારાનું નહીં.

બધા જ વાનરોને સરખે ભાગે બિસ્કીટ મળી રહે એવો રાણાજીનો નિષ્ઠ પ્રયાસ પણ કેટલાક ચબરાક વાનરો એ પ્રયાસને સફળ ન થવા દે. હાથમાં બે બિસ્કીટ હોય ને તોય ત્રીજું બિસ્કીટ ઉઠાવી લાવે એવા બારકસો પણ ખરા એમના વ્હાલાઓમાં.

કૃષ્ણકુમારજી આ આખીય પ્રવૃત્તિનો આનંદ લે છે અને એમના પરિવારજનો પણ વાત જાણે છે ને એમની પ્રવૃત્તિને રોકતા નથી. વાનરોની ક્ષુધા તૃપ્ત કરીને એમને અનોખો આનંદ મળે છે. સામાન્ય રીતે તેઓ દસ પૅકેટ બિસ્કીટ લઈને વાનરોની વચ્ચે જાય છે પરંતુ દર વખતે એટલાં બિસ્કીટ પર્યાપ્ત થઈ રહે એવું બનતું નથી. ઋતુ પ્રમાણે વાનરોની ભૂખમાં ફેરફાર થાય છે તો એમની સંખ્યા પણ ઓછા પ્રમાણમાં તબદિલ થયા કરે છે. એ પ્રમાણે બિસ્કીટની સંખ્યા ક્યારેક વધારવી પણ પડે. જો એમને એમ લાગે કે વાનરો હજુ ભૂખ્યા છે તો પુનઃ જઈને બિસ્કીટ લઈ આવે છે અને તેમને ખવડાવે છે. એમના શબ્દો છે : 'એ લોકો મને બરાબર ઓળખે છે ને હું પણ એમને બરાબર ઓળખું છું, અમે એકબીજા માટે ક્યારેય નડતરરૂપ કે અપ્રિય નથી થયા. ને હવે તો અમારી વચ્ચે સ્નેહનો સંબંધ છે. ખોળિયામાં જીવ છે ત્યાં સુધી આ સંબંધ હું કાયમ રાખીશ.'



તસવીર : કશ્યપ નિમાવત

